


**૪/૯/૨૫ : શિક્ષક દિનની ઉજવણી : શિક્ષક દિન એટલે શિક્ષક પ્રત્યે શ્રધ્ધા અને આદર દર્શાવવાનો દિવસ.** શાળાનાં શિક્ષકોને શિક્ષકદિન અંતર્ગત પોલિસ મિત્ર ઇન્વેસ્ટિગેશન દ્વારા શાળાનાં ૨૪ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ટીમનાં મુખ્ય સચિવ વીણાબેન તથા અધ્યક્ષ રાકેશભાઇ પાઠકે પોતાનાં વકતવ્ય થકી શિક્ષકોનાં કાર્યને બિરદાવ્યું હતુ. સાથે ટીમનાં અન્ય સભ્યો તેજલબેન (મહિલા અધ્યક્ષ), જયેન્દ્રભાઇ ભટ્ટ (ઉપાધ્યક્ષ), હેમાબેન, અંકિતાબેન પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળામાં પૂર્વ પ્રાથમિકથી માંડી ધો-૧૨ સુધીનાં દરેક વિભાગમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનું જીવન કવન, સમાજમાં શિક્ષકોનું યોગદાન, વિદ્યાર્થી જીવનમાં શિક્ષકનું મહત્વ જેવાં વિષયો પર નિબંધલેખન, વકતૃત્વ સ્પર્ધા પણ યોજાય હતી. ધો-૫, ધો- ૧૨ નાં વિદ્યાર્થીઓએ શિક્ષકોનો કાર્યભાર સંભાળી સ્વશાસન દિનની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકોનું પૂજન કરી તેમના આર્શીવાદ મેળવ્યાં હતાં.




**૭ થી ૧૭/૯/૨૫ : ગણેશોત્સવની ઉજવણી :** શાળામાં શ્રી ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરી દસ દિવસ તેમની પૂજા અર્ચના કરવામાં આવી હતી. અંતે શાળામાં જ શ્રીગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. **કન્વી: જિજ્ઞેશભાઇ જોષી**



**૩૦/૯/૨૫ : નવરાત્રી પર્વ ઉજવણી :** નવરાત્રી પર્વની ઉજવણીના ભાગ રૂપે શાળામાં આદ્યાશકિત ભવાનીનાં ગરબાનું આયેજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ વિવિધ વસ્ત્રમાં સજ્જ થઇ મન મૂકીને ગરબામાં જોડાયાં હતાં. **કન્વી: શેફાલીબેન ઠાકર, દિપીકાબેન સોલંકી**



**૨૦/૧૧/૨૫ : ભરૂચ નગરપાલિકા ફાયર બ્રિગ્રેડ અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપનની ટ્રેનિંગ શાળાનાં ધો. ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓને આપવામાં આવી.** જેમાં ભરૂચ નગરપાલિકાના ફાયર સેફટી વિભાગમાંથી શ્રી શૈલેષભાઇ તથા એમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને આપત્તિ આવે ત્યારે નાસ-ભાગ ન કરતાં કેવું વ્યવસ્થાપન કરવું જરૂરી છે તે સમજાવ્યું. તેમણે વિદ્યાર્થીઓને પ્રેકટીકલ બતાવી આપત્તિનાં સમયે બુદ્ધિશકિતનો ઉપયોગ કરી આપત્તિને નિવારવા કેવી રીતે કરવું તે સમજાવ્યું.

